# Day to Day Current Affairs

**૧૬ એપ્રિલ, ૨૦૧૫ ગુરૂવાર**

**૧. ગોવિંદભાઈ પટેલ :**

- ગુજરાતી ફિલ્મ ડાયરેક્ટર ગોવિંદભાઈ પટેલનું અવસાન વડોદરા ખાતે થયું હતું.
- તેમને બનાવેલી ફિલ્મ 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા' ફિલ્મએ આંતરરાષ્ટ્રીય સ્તરે પર નામના મેળવી હતી.

**૨. 'ખેલગુજરાત એપ :-**

- ગુજરાતના પ્રતીભાશાળી ખેલાડીઓ માટે ખેલ મહાકુંભ-૨૦૧૫ અને સમર કેમ્પ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે મોબાઇલ એપ. 'ખેલગુજરાત' નું લોન્ચિંગ કરવામાં આવ્યું
- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૨૮ એપ્રિલથી સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે

**૩. નવરચિત સાત જિલ્લાને RTO રજિ. નંબર ફાળવાયા.**

-વાહન વ્યવહાર વિભાગ દ્વારા ૨૦૧૩માં રાજ્ય સરકારે ૭ નવા જિલ્લાની જાહેરાત કરી તે નવરચિત ૭ જિલ્લાના આરટીઓ રજિસ્ટ્રેશન નંબરની ફાળવણી કરવામાં આવી.

| | | | |
|---|---|---|---|
| (૧) અરવલ્લી | **GJ 31** | (૫) મહીસાગર | **GJ 35** |
| (૨) ગીરસોમનાથ | **GJ 32** | (૬)મોરબી | **GJ 36** |
| (૩) બોટાદ | **GJ 33** | (૭) દેવભૂમિ દ્વારકા | **GJ 37** |
| (૪) છોટા ઉદેપુર | **GJ 34** | | |

**૩. ભારતીય રેલવેની સફરને આજે ૧૬૨ વર્ષ થશે.**

- ૧૬ એપ્રિલ ૧૯૫૩ના રોજ ભારતમાં મુંબઈથી થાણે વચ્ચે પ્રથમ પેસેન્જર ટ્રેન દોડી હતી એ ક્ષણને આજે ૧૬૨ વર્ષ થયા. અને વર્ષ ૧૯૫૧માં રેલવેનું રાષ્ટ્રીયકરણ થયું.

**૪. ભાવનગરની હોર્સ રાઇડિંગ ક્લબની ટીમ ત્રીજી વખત ચેમ્પિયન બની.**

- રાજ્યના પોલીસ વિભાગ દ્વારા 'એચ ગુજરાત ડીજી કપ-૨૦૧૫ અને અશ્વ સ્પર્ધાનું મહેસાણા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.
- જેમાં ભાવનગર માઉન્ટેડ પોલીસ અને આર.ડી. ઝાલા હોર્સી રાઇડિંગ ક્લબની ટીમે હેટ્રીક કરી સતત ત્રીજી વખત ચેમ્પિયન થઈ હતી.

**૫. વર્લ્ડ માર્શલ આટ્ર્સ ચેમ્પિયનશીપ :**

- બેંગકોકના હુઆ માક સ્ટેડિયમ ખાતે યોજાયેલી વર્લ્ડ માર્શલ આટર્સ ચેમ્પિયશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સિમરન મેકવાન તથા સંજના મેકવાલે ઉઝબેકિસ્તાન સામે શાનદાર પ્રદર્શન કરી સિલ્વર મેડલ હાંસલ કર્યા હતા.

**૬. નરેન્દ્ર મોદી :- (ભારતના વડાપ્રધાન)**

- ત્રણ દેશોના પ્રવાસ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંતિમ તબક્કામાં કેનેડા પહોંચ્યા.
- બંને દેશો વચ્ચે થયેલા કરાર અંતર્ગત કેનેડા ચાલુ વર્ષથી શરૂ કરીને પાંચ વર્ષ માટે ભારતને યુરેનિયમ પુરૂ પાડશે.
- કેનેડા ભારતને યુરેનિયમ સપ્લાય કરનારો રશિયા, કઝાકિસ્તાન બાદ ત્રીજો દેશ બનશે.
- કેનેડાના વડાપ્રધાન : સ્ટિફન હાર્પર

www.vivekanandacademy.org